પ્રાથમિક શિક્ષકોની બદલીઓ
અંગેની સૂચનાઓ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ નં. પીટીઆર-૧૧૯૭-સીએમ-૨૯૨૫-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- ૮/૪/૧૯૯૯

ઠ રા વ :-

રાજ્યમાં જિલ્લા પંચાયત હસ્તકની જિલ્લા શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની બદલીઓ અંગેની કાર્યપધ્ધતિ અંગે રાજ્ય સરકારને મળેલ સૂચનો ધ્યાને લઈ પુખ્ત વિચારણા કરીને બદલી અંગેના હાલની અને વખતોવખતની સૂચનાઓમાં સુધારાઓને સંગઠિત કરી નવેસરથી બહાર પાડવાની જરુરિયાત જણાતાં દિનાંક : ૧/૧૨/૮૪ અને તેમાં વખતો વખત થયેલા સુધારાઓ તથા ગાંધીનગર જિલ્લા માટે બહાર પાડેલ સૂચનાઓ રદ કરીને પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગેની સર્વ સામાન્ય સૂચનાઓ મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ ૫૪ અન્વયે નીચે મુજબ નવેસરથી બહાર પાડવામાં આવે છે.

**પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગે અમલમાં મૂકવાની સૂચનાઓ :-**

૧) પ્રાથમિક શિક્ષકોની બદલીઓ વર્ષમાં એકજ વખત ઉનાળુ વેકેશન દરમ્યાન જ કરવી. સંજોગોવશાત્ આમાં અપવાદ કરવાનો થાય તો તે માટે સ્વયં સ્પષ્ટ અને ચોકકસ કારણો દર્શાવી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

૨) પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં શિક્ષક મહેકમ પ્રતિવર્ષ ૩૧ મી ઓગષ્ટની સ્થિતિએ ગોઠવવું. આ ગોઠવણી પ્રસંગે જે શાળાઓમાં શિક્ષકોની વધ વર્તાતી હોય ત્યાં શિક્ષકોની આવી વધ દૂરકરવા પૂરતી મર્યાદિત બદલીઓ ત્યાર પછી દિવાળી વેકેશન દરમ્યાન કરવાની રહેશે.

૩) ઉનાળું અને દિવાળી વેકેશન દરમિયાન કરવામાં આવતી પ્રાથમિક શિક્ષકોની બદલીઓનું પ્રમાણ કોઈપણ સંજોગોમાં કુલ શિક્ષકોની સંખ્યાના ૧૫% થી વધવું જોઈએ નહિ, અને કોઈપણ તાલુકામાં શિક્ષકોનું પ્રમાણ અસંતુલિત થાય તો તેની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે

૪) વિધવા શિક્ષિકાઓની બદલીની માંગણીઓ કેમ્પમાં અગ્રતાના ધોરણે કરવાની રહેશે.

૫) અપંગ કેટેગરી હેઠળ ભરતી પામેલ અને અપંગ હોવા અંગેનું યોગ્ય પ્રમાણપત્ર ધરાવનારની બદલીની માંગણી અગ્રતાના ધોરણે કેમ્પમાં કરવાની રહેશે.

૬) પ્રાથમિક શિક્ષક દંપતિના કિસ્સામાં અગ્રતા આપવાની રહેશે. આમ બદલીઓની પ્રક્રિયામાં વિધવા શિક્ષિકાઓને પ્રથમ, અપંગ શિક્ષક / શિક્ષિકાઓને દ્વિતીય પ્રાથમિક શિક્ષક દંપતિના કિસ્સામાં તૃતીય અને ત્યાર બાદ સરકારી કર્મચારીના દંપતિના કિસ્સામાં કેમ્પમાં અગ્રતા આપવાની રહેશે.

૭) અનુસૂચિત જાતિના પ્રાથમિક શિક્ષકોની બદલીઓ, અનુસૂચિત જાતિની બિલકુલ વસ્તી ન હોય તેવા સ્થળોએ બને ત્યાં સુધી કરવી નહિ.

૮) મહિલા પ્રાથમિક શિક્ષિકાઓની બદલીઓ જે ગામોમાં તેમની સલામતી જોખમરૂપ હોય ત્યાં બને ત્યાં સુધી કરવી નહિ.

૯) સાધારણ રીતે ૧૦ વર્ષ સુધી એકજ સ્થળે શિક્ષકોને કામ કરવા દેવું, વહીવટી કારણોસર ૧૦ વર્ષ પહેલાં બદલી કરવાની જરુરિયાત ઉભી થાય તો તેવા કિસ્સાઓમાં ગુણદોષના આધારે બદલી કરવાની રહેશે. એક જગ્યાની એક શાળામાંથી સ્થાનિક બીજી શાળામાં કરવામાં આવતી બદલીને આ સૂચના લાગુ પડશે નહિ.

**૧૦) એકજ સ્થળે ૧૦ વર્ષ કરતાં વધારે નોકરીવાળા શિક્ષક હોય તેમજ તેના વિશે કોઈ ફરિયાદ ન હોય તેવા કિસ્સામાં શિક્ષકની બદલી કરવી નહિ, તેનાથી ઉપર કલમ– (૯) ને બાધ આવતો નથી.**

૧૧) નોકરીના છેલ્લા પાંચ વર્ષ દરમિયાન પ્રાથમિક શિક્ષકોને સામાન્ય રીતે તેમની ઈચ્છા વિરુધ્ધ બદલવાના રહેશે નહિ.

અ– નિવૃત્ત થવાના પાંચ વર્ષ અગાઉ પોતાના વતન કે માંગણીવાળા સ્થળે બદલી કરવા શિક્ષક ઈચ્છા ધરાવે તો માંગણીવાળી શાળામાં ૧૫ વર્ષની નોકરી પૂરી કરી હોય તેવા સિનિયર શિક્ષકની બદલી કરીને મૂકવા. આવા સિનિયર શિક્ષકને નિવૃત્ત થવામાં પાંચ વર્ષ કે તેથી ઓછો સમય બાકી હોય તો તેના પછીના સિનિયર શિક્ષકને બદલવાના રહેશે. જે ગામ / શહેરમાં એક કરતાં વધારે શાળાઓ આવેલી હોય તેવા કિસ્સામાં બધી જ શાળાઓને ધ્યાનમાં રાખીને ૧૫ વર્ષ કરતાં વધુ નોકરીવાળા પણ નિવૃત્તિ માટે પાંચ વર્ષ કરતાં વધુ સમય બાકી હોય તેવા તમામ શિક્ષકો પૈકી સૌથી સિનિયર શિક્ષકને બદલવાના રહેશે.

બ– માન્ય શિક્ષક સંઘના હોદ્દેદાર હોય તો તેવા શિક્ષકની બદલી બાબતમાં સામાન્ય વહીવટ વિભાગની સૂચનાઓને અનુસરવાની રહેશે. આવા કિસ્સામાં ગંભીર ફરિયાદો હશે તો ફેરફારને પાત્ર રહેશે.

૧૨) જે તે પ્રાથમિક શાળામાં નિવૃત્તિ, રાજીનામુ અને અન્ય કારણોસર શાળા શિક્ષક વગરની થાય ત્યારે માંગણીદાર શિક્ષકની માંગણી સંતોષીને આ જગા ભરવી. જો જગા ભરી શકાય તેમ ન હોય તો ગૃપ શાળાના આચાર્યે આવી જગ્યા ઉપર ગૃપ શાળા પૈકીની શાળામાંથી અન્ય શિક્ષકને બીજો શિક્ષક ન મુકાય ત્યાં સુધી કામગીરી આપી વ્યવસ્થા કરવાની રહેશે. આવી કામગીરી વ્યવસ્થાની જાણકારી ગૃપ શાળાના આચાર્યશ્રીએ સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને તાત્કાલિક કરવાની રહેશે.

<u>શિક્ષક વધની બદલીઓ :–</u>

૧૩) પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની વધ દુર કરવા માટે શાળામાં સૌથી છેલ્લા મુકાયેલા શિક્ષક/ વિદ્યાસહાયકની બદલી કરવી. જે ગામમાં એક કરતા વધારે શાળાઓ હોય ત્યાં શિક્ષક વધ સરભર કરવા માટે સૌ પ્રથમ સ્થાનિક શાળામાં શિક્ષકની બદલી કરી શિક્ષક વધ રહેતી હોય તો તે ગામની બધી શાળાઓના શિક્ષકોની સ્ટેશન સિનિયોરીટી નકકી કરી સૌથી જુનિયર શિક્ષકની બદલી કરી શિક્ષક વધ સરભર કરવી. વધ–ઘટની બદલીઓ સમયેસત્રના અંતે નિવૃત્તિથી ખાલી પડતી જગ્યાઓ ધ્યાને લેવાની રહેશે. આવા શિક્ષકની બદલીમાં નીચે મુજબની અગ્રિમતા ધ્યાનમાં રાખવી.

– તેના સંબંધિત પગાર કેન્દ્રની શાળા
– સંબંધિત તાલુકાની અન્ય શાળામાં
– નજીકના અન્ય તાલુકાની શાળામાં

શિક્ષક વધવાળી શાળામાં પતિ–પત્ની નોકરી કરતા હોય અને વધમાં પત્નિની બદલી કરવાની થતી હોય ત્યારે જો પતિ – પત્નિ સંમતિ આપે તો બંનેની પગાર કેન્દ્ર/તાલુકાની શાળામાં કે તાલુકાની બહારની શાળામાં બદલી કરી શકાય તેમ હોય તો એક જ ગામમાં કે સાથે રહી શકાય તેવા નજીકના ગામ– સ્થળે બદલી કરવી. જો પત્નિને બદલે પતિ બદલીથી અન્યત્ર જવા તૈયાર હોય અને જો તે નિયમોનુસાર થઈ શકતી હોય તો તેમને બદલવા. શિક્ષકની વધના કારણે ઉપાડવામાં આવેલ શિક્ષકને તેની મૂળ શાળામાં પ્રથમ ઘટ ઉભી થાય ત્યારે તેની માંગણીની અરજી હોય તો તેવા શિક્ષકને પ્રથમ તે જગ્યા ઉપર બદલીની તક આપવાની રહેશે.વધમાં બદલી કરેલ શિક્ષકને માંગણીનો હકક રહેશે અને મૂળ શાળાની ( વધમાંથી બદલી કરેલ શાળાની) સીનીયોરીટી ધ્યાને લેવાની રહેશે.

વધની બદલીમાં જુનિયર શિક્ષકના બદલે શાળાના અન્ય કોઈ શિક્ષક માંગણીથી તે ગામમાં જવા લેખિત સંમતિ આપે તેવા કિસ્સામાં માંગણીદાર શિક્ષકની બદલી કરવાની રહેશે

**માંગણીની બદલીઓ :-**

૧૪) પ્રાથમિક શિક્ષકોની માંગણીની બદલીઓ તાલુકા મથકે કેમ્પ પધ્ધતિથી કરવાની રહેશે. બધાની હાજરીમાં તાલુકા મથકે કેમ્પ રાખી બદલીના હુકમો કેમ્પમાં જ સંબંધિત શિક્ષકોને ગામ સહિત શાળા સહિત આપવાની રહેશે સાથે હુકમ નંબર પણ આપવો તેની પહોંચ લેવાની રહેશે

કેમ્પમાં બદલી અર્થે ઉપસ્થિત રહેનાર તમામ શિક્ષકોએ તેમની હાલની શાળામાં હાજર થયા તારીખની વિગતો સાથેનો તે શાળાની નોકરીની લંબાઈ અંગેનો સંબંધિત મૂળ શાળાનો દાખલો સાથે લાવવાનો રહેશે. અને કેમ્પમાં હાજર રહેલા માંગણીદાર શિક્ષકોનું હાજરી પત્રક નિભાવવાનું રહેશે.

૧૫.) જિલ્લા / તાલુકામાં કેમ્પ અંગે બહોળી પ્રસિધ્ધિ કરીને શિક્ષકોને કેમ્પમાં હાજર રહેવા અંગેની આગોતરા જાણ કરવાની રહેશે. કેમ્પનું આયોજન કરવાનું હોય તેના ૧૦ દિવસ પહેલાં તાલુકાવાર સ્પષ્ટ ખાલી જગાઓની ગામવાર યાદી તાલુકા પંચાયતની કચેરીમાં તથા જિલ્લાની સમગ્ર ખાલી જગ્યાઓની યાદી જિલ્લા શિક્ષણ સમિતિની કચેરીના નોટિસ બોર્ડ ઉપર મુકવાની રહેશે. આવી યાદીની એક નકલ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને તથા જિલ્લાના માન્ય શિક્ષક સંઘને આપવાની રહેશે.

૧૬) કોઈ એક ગામમાં એક અથવા એકથી વધારે જગાઓ ખાલી હોય અને તે ગામમાં એક કરતા વધારે શિક્ષકોએ બદલીની માંગણી કરી હોય ત્યારે શિક્ષકોએ મૂળ શાળામાં કરેલી નોકરીના વર્ષોને ધ્યાનમાં લઈ નોકરીની લંબાઈ પ્રમાણે શિક્ષકોની અરજીઓની અગ્રિમતા નકકી કરવી, અને તે અગ્રિમતાના ક્રમે શિક્ષકોની બદલીઓ કરવી.

૧૭) તાલુકાની અંદરની અને તાલુકા બહારની સમગ્ર જિલ્લાની માંગણીની બદલીઓ એક સાથે કરવી સમગ્ર જિલ્લામાં તાલુકાની અંદર કે તાલુકાની બહારની બદલીઓની માંગણીઓમાં માંગણીદાર શિક્ષકોને તેમની હાલની શાળામાં કરેલી નોકરીના વર્ષોને ધ્યાને લઈ નોકરીની લંબાઈના આધારે અગ્રિમતા નકકી કરીને બદલી કરવાની રહેશે.

૧૮) પતિ- પત્નિ ભેગા થવા માટે કોઈ એક ગામમાં બદલીની માંગણીકરે અને નિયત ધારાધોરણ મુજબ બદલી થઈ શકે તેમ ન હોય તો તાલુકાના કોઈપણ,ગામમાં બંનને સાથે મુકવા માટેનો વિકલ્પ કેમ્પમાં અરજી સાથે મેળવવાનો રહેશે. તાલુકાના કોઈપણ ગામમાં બદલી થઈ શકે તેમ ન હોય તો અન્ય તાલુકામાં પણ બદલી કરવાનો વિકલ્પ અરજી સાથે મેળવવાનો રહેશે.

૧૯) જિલ્લાની આંતરિક બદલીની માંગણી સંતોષાયા બાદ આવા શિક્ષકોએ બદલીના સ્થળે ઓછામાં ઓછા પાંચ વર્ષની નોકરી કર્યા બાદ જ તે અન્યત્ર બદલીની માંગણી કરી શકશે.

૨૦) પ્રાથમિક શિક્ષકોની બદલીઓ માટે નીચેના ક્રમે કાર્યવાહી કરવાની રહેશે

| | | |
|---|---|---|
| ૧. | વધ- ઘટની બદલીઓ. | દિવાળી વેકેશનમાં |
| ૨. | જિલ્લાની આંતરિક બદલીઓ. | મે વેકેશનમાં |
| ૩. | વહીવટી બદલીઓ. | |
| ૪. | જિલ્લા ફેરબદલીઓ | |

૨૧) જિલ્લામાં તાલુકા ફેર અરસપરસ બદલી માટે જિલ્લા ફેરની અરસપરસની બદલીની સૂચનાઓ લાગુ પડશે.

<u>શિસ્તના પ્રશ્નો હલ કરવા માટે કરવી પડતી બદલીઓ :-</u>

૨૨) શાળામાં અનિયમિત હાજરી, નબળી શૈક્ષણિક કામગીરી, શિક્ષણમાં ગેરરીતિ રાજકીય પ્રવૃત્તિઓ વગેરે જેવી શિસ્ત વિરુધ્ધની બાબતોમાં શિક્ષક દોષિત લાગે તો શિક્ષકને હાલના ગામમાંથી ઓછી સુવિધાવાળા ગામમાં બદલીકરવી અને આવા શિક્ષક સામે સેવા વર્તણૂક અને શિસ્તના નિયમો મુજબ ઘટતી કાર્યવાહી ત્વરીત હાથ ધરવી.

૨૩) અ. શિક્ષકના વર્તન/વ્યવહારને લીધે અથવા ચારિત્રને લીધે અથવા ચારિત્રના પ્રશ્નોને લીધે શાળાનું /ગામનું વાતાવરણ કલુષિત થાય તેવા પ્રસંગે તથા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ને બદલી કરવાના સંજોગો ઉભા થાય ત્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તપાસ કરી, નિયમની મર્યાદામાં રહી વિવેકબુધ્ધિ અનુસાર કોઈની માંગણી ન હોય તેવી ઘટવાળી શાળામાં બદલી કરવી.

બ. જે કિસ્સામાં શિક્ષક/ શિક્ષિકા કે પત્ની કે પતિ તથા તેમના સંતાનો અસાધ્ય અને ગંભીર રોગોથી પીડાતા હોય તો તેમને યોગ્ય ઉપચારાત્મક સારવાર મળી શકે તે માટે મેડીકલ બોર્ડનુ આવી બિમારી અંગેનું પ્રમાણપત્ર મેળવીને તેમની બદલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કરી શકશે અને તે અંગેની જાણ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને કરવાની રહેશે. ખોટા તબીબી પ્રમાણપત્ર રજુ કરી ગેરરીતિઓ આચરવામાં ન આવે તેની તકેદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ રાખવાની રહેશે.

<u>જિલ્લા ફેર બદલી :-</u>

૨૪) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ના વિનિયમની કલમ-૪૦ રદ કરીને જિલ્લા ફેરમાં નીચેની સૂચના આપવામાં આવે છે.જિલ્લા ફેરબદલીની ઈચ્છા ધરાવનાર શિક્ષક/શિક્ષિકાએ તેમની બદલની માંગણીની અરજીઓ તેમના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને દર વર્ષના ડીસેમ્બરના અંત પહેલાં મળે તે રીતે કરવાની રહેશે. આ પ્રકારે મળેલ અરજીઓ છેલ્લા ૫ વર્ષના ખાનગી અહેવાલ સાથે ભલામણ સહ,સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને ફેબ્રુઆરીની ૧૫ તારીખ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. સંબધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આ પ્રકારે મળેલ અરજીઓને શિક્ષકોની નોકરીની લંબાઈને આધારે જિલ્લા ફેરબદલીની શ્રેયાન યાદીનું રજીસ્ટર તૈયાર કરવાનું રહેશે. શિક્ષક/ શિક્ષિકાઓની જિલ્લા ફેરબદલીની અરજી રજીસ્ટરમાં કયા ક્રમ ઉપર નોંધાવામાં આવેલ છે તે ક્રમ દર્શાવતી રસીદ સંબધિત શિક્ષક/ શિક્ષિકાને મોકલી આપવાની રહેશે. મે વેકેશનમાં ભરવાની થતી જગ્યાઓના ૨૫ ટકાની મર્યાદામાં અથવા સરકારશ્રી વખતોવખત નકકી કરે તેટલી જગ્યાઓ આ યાદીમાંથી શ્રેયાનતાના.ક્રમે ભરવા માટે સંબધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કાર્યવાહી કરવી. જિલ્લા ફેર બદલીની આ કાર્યવાહી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ નવી ભરતી કરતાં પહેલાં પૂરી કરી જરુરી હુકમો કરવા.

અ. જિલ્લા ફેરબદલીઓની વહીવટી કામગીરી જિલ્લા કક્ષાએ કોમ્પ્યુટર સુવિધા કરીને તે ધ્વારાની કરવાની રહેશે.

બ. જિલ્લા ફેરબદલી માટે અક વખત કરવામાં આવેલ અરજીને કાયમ રાખવાની રહેશે.

ક. જિલ્લા ફેર બદલી માટેના અરજી માટેનું અરજી ફોર્મ કોમ્પ્યુટર પ્રોગ્રામને ધ્યાનમાં રાખી તૈયાર કરાવી તે નિઃશુલ્ક પુરા પાડવાના રહેશે.

૨૫) દરેક જિલ્લામાં જયારે જયારે જગાઓ ભરવાની થતી હોય ત્યારે ભરવા પાત્ર જગાઓની ૨૫ ટકાની મર્યાદામાં અથવા સરકાર વખતોવખત નક્કી કરે તેટલી જગાઓ જિલ્લા ફેરબદલીથી ભરવી જોઈએ. જો જિલ્લા ફેરબદલીની માંગણીઓ નિયત ટકાવારીથી ઓછી હશે તો બાકીની જગાઓ નવી નિમણૂકથી ભરવાની રહેશે. આ નિયત ટકાવારી વિધવા, અપંગ અને પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક દંપતિ અને સરકારી કર્મચારીના દંપતિના કિસ્સાઓમાં કરેલી બદલી સિવાયની ગણવાની રહેશે. જિલ્લા ફેરમાં વિધવા શિક્ષિકાની બદલીની અગ્રતા તેના " પિયર " અથવા " સાસરી " ના જિલ્લા પૂરતી મર્યાદિત રહેશે. અંપગ કેટેગરીમાં શિક્ષકના કિસ્સામાં વતનનો જિલ્લો તથા શિક્ષિકાના કેસમાં " પિયર !" અને " સાસરી " ને ધ્યાને લઈ અગ્રતા આપવાની રહેશે ૨૫% પ્રમાણે શિક્ષકો હાજર ન થાય તો લીસ્ટ પૈકી તેટલી સંખ્યા ભરીને બદલી થઈ શકશે.

૨૬) શિક્ષકે જિલ્લામાં ઓછામાં ઓછા પાંચ વર્ષની નોકરી કરી હોય તો જ તે શિક્ષકને જિલ્લા ફેરબદલીના માટે પાત્ર ગણવો. અને આવા શિક્ષકોની જ જિલ્લા ફેરબદલી ઉપર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ બદલીની ભલામણ કરવી જે તે વર્ષની ૩૧મી મે સુધીમાં પાંચ વર્ષ પુરા થતા હોય તેવા શિક્ષક બદલી અંગેની અરજી કરી શકશે.

૨૭) જિલ્લા ફેરબદલીની શ્રેયાનતા રજીસ્ટર કોમ્પ્યુટરરાઈઝની યાદી જિલ્લા ફેરબદલીના હુકમો કરતાં પહેલાં સાત દિવસ અગાઉ મળે તે રીતે નિયામકશ્રીને મોકલવાની રહેશે.

૨૮) જિલ્લા ફેરબદલીના કિસ્સામાં જે શિક્ષકના ખાનગી અહેવાલ સારા હોય તેમની જિલ્લા ફેરબદલી માટે ના પાડી શકાશે નહિ.

૨૯) જિલ્લા ફેરબદલી અંગે જિલ્લા કક્ષાએ અમલમાં રાખેલ રજીસ્ટર ચાલુ રાખી નવી અરજીઓ ઉપર ઠરાવેલ ધોરણે નોંધવાની રહેશે. તથા નિયમ ૨૪ મુજબ તૈયાર કરેલ શ્રેયાનતા રજીસ્ટરની કોમ્પ્યુટરરાઈઝડ નકલ નિયામકશ્રીને મોકલવાની રહેશે. જિલ્લા કક્ષાએ આવી યાદી જાહેરમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

૩૦) જિલ્લા ફેર બદલી માટે શિક્ષકોના ઈન્ટરવ્યુ લેવાના રહેશે નહિ, જિલ્લા ફેરબદલીવાળા શિક્ષકને સરકારશ્રી/નિયામકની વખતો વખતની સૂચનાઓ મુજબ કેમ્પ કરીને કરવાની રહેશે કેમ્પમાં જિલ્લાની તમામ ખાલી જગ્યાઓ દર્શાવવાની રહેશે, તથા કેમ્પમાં જ હુકમો આપવાના રહેશે. કેમ્પમાં હાજર ન રહેનાર શિક્ષકને વધુ ખાલી જગ્યાવાળા તાલુકામાં રજી. એ.ડી. પોસ્ટથી હુકમો મોકલવાના રહેશે.

૩૧) શિક્ષકને સમગ્ર નોકરી દરમ્યાન માત્ર એક જ વાર જિલ્લા ફેરબદલીનો લાભ મળી શકશે.

૩૨) અરસપરસ જિલ્લાં ફેરબદલીઓની જોગવાઈ નીચે જણાવેલ શરતોને આધિન રહીને કરવાની રહેશે.
(અ) આંતર જિલ્લા ફેરબદલીમાં સંકળાયેલ બંને પ્રાથમિક શિક્ષકોની સેવા અરજીની તારીખે બોન્ડ સમય સહિત પાંચ વર્ષથી ઓછી હોવી જોઈએ નહિ.
(બ) ૫૩ વર્ષની ઉમર પછી અરસપરસની બદલીનો લાભ મળી શકશે નહી.

૩૩) અરસપરસ જિલ્લા ફેરબદલીના કિસ્સામાં શિક્ષકોની બદલીના હુકમો પરસ્પર બંને સ્થળોના જ કરવા. સમગ્ર નોકરી દરમ્યાન ફકત એક જ વાર અરસપરસ બદલીનો લાભ લઈ શકાશે.

૩૪) <u>જિલ્લા ફેર બદલીની પાત્રતા નકકી કરવાનાં ધોરણો :-</u>

૧. જે જિલ્લામાંથી જિલ્લા ફેરબદલી માટે અરજી કરતા હોય તે જિલ્લામાં ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી કરેલી હોવી જોઈએ.

૨. જિલ્લા ફેરબદલીના કિસ્સામાં જે શિક્ષકના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ સારા હોય તેમની જિલ્લા ફેરબદલી માટે ના પાડી શકાશે નહિ.

૩. જિલ્લા ફેરબદલી માટે માંગણી કરનાર શિક્ષક વિરુધ્ધની કોઈ બાબત પર શિક્ષણ સમિતિની કચેરીમાં કાર્યવાહી ચાલતી હોવી ન જોઈએ.

૪. અરજી કરનાર શિક્ષક પાસે મકાન બાંધકામ પેશગી સિવાય કોઈ સરકારી લેણું વસુલાત કરવાનું બાકી ન હોવું જોઈએ.

૩૫) ઉપરોકત સૂચનાઓના અમલીકરણની સમીક્ષા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

અ. અ. નાગોરી

(અ. અ. નાગોરી)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય
ગાંધીનગર

પ્રતિ,
માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. શિક્ષણ મંત્રીશ્રી (રા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ. રા. ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગ,
વિકાસ કમિશનરશ્રી, ગુ. રા. ગાંધીનગર
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ, અમદાવાદ,
નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, અમદાવાદ
માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર( બહોળી પ્રસિધ્ધિ અર્થે)
ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ, ગાંધીનગર
સિલેકટ ફાઈલ